૨૩૨૫૪૩૭૭ (નિયામક)
૨૩૨૫૪૪૧૧ (સંયુક્ત નિયામક)
૨૩૨૫૬૩૫૯ (હિસાબી અધિકારી)
૨૩૨૫૪૯૯૪ (ટી.સી.બ્રાંચ)
ફેક્સ નં. (૦૭૯) ૨૩૨૫૯૭૬૦

હિસાબ અને તિજોરી નિયામકની કચેરી,
ગુજરાત રાજ્ય
વિમા અને લેખા ભવન બ્લોક નં.૧૭,
ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર-૩૮૨૦૧૦
E mail address:-supt-tc-dat@gujarat.gov.in

પરિપત્ર નં. હિતિનિ/ PVU/ફા.નં.૫/૨૦૧૮/ ૩૨૮ તા. ૪ /૦૮/૨૦૧૮

**પરિપત્ર:-**

**વિષય:** શૈક્ષણિક કાર્ય સાથે સંકળાયેલ શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓને સત્રાંત નિવૃત્તિનો લાભ આપવા બાબત.

**સંદર્ભ:** શિક્ષણ વિભાગના તા.૨૨/૦૫/૯૮ના પરિપત્ર ક્રમાંક: બમશ-૧૦૯૭-એમએલએ-૬-૯૭ તથા પ્રવર્તમાન અન્ય જોગવાઈઓ.

ઉપરોક્ત વિષયે સંદર્ભમાં દર્શાવેલ શિક્ષણ વિભાગના પરિપત્રથી તથા અન્ય પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ શૈક્ષણિક કાર્ય સાથે સંકળાયેલ શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓને સત્રાંત નિવૃત્તિનો લાભ આપવા બાબતેની સૂચનાઓ પ્રસિધ્ધ થયેલ છે. જે મુજબ શૈક્ષણિક કાર્ય સાથે સંકળાયેલ શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓને નિવૃત્તિ વય બાદ જે તે સત્રના અંત સુધી સેવામાં ચાલુ રાખવાનો લાભ આપવામાં આવે છે, પરંતુ તેમને નિવૃત્તિ વય બાદથી સત્રના અંત સુધી કરેલી સેવા ઈજાફા, પેન્શન તેમજ નિવૃત્તિ સહિતના અન્ય કોઈ લાભ માટે ગણતરીમાં લેવાની રહેશે નહીં તેવી સ્પષ્ટ સૂચના પ્રસિધ્ધ થયેલ છે, તેમ છતાં આ કચેરી ખાતે પગાર બાંધણી ચકાસણી અર્થે રજુ થતાં કેસોમાં ખરેખર નિવૃત્તિ તારીખ બાદ પણ ઉચ્ચત્તર પગાર ધોરણ, વખતોવખત થયેલ પગાર સુધારણા નિયમો અન્વયે થયેલ પગાર બાંધણીનો લાભ (જેમ કે- આર.ઓ.પી.-૨૦૦૯ તથા આર.ઓ.પી.-૨૦૧૬) તથા અન્ય મળવાપાત્ર લાભ આપવામાં આવે છે તેવું ધ્યાને આવેલ છે. દા.ત., કર્મચારીની ખરેખર નિવૃત્તિ તા.૩૦/૧૧/૧૫ હોય અને સત્રાંત તા.૩૧/૦૫/૧૬ હોય તે કર્મચારીને સાતમા પગારપંચનો લાભ આપી તા.૧/૦૧/૧૬ની પગાર બાંધણી ચકાસણી અર્થે સંબંધિત કચેરી દ્વારા કેસ IFMS સિસ્ટમમાં ઓનલાઈન મોકલી આપવામાં આવે છે, કર્મચારીની ખરેખર નિવૃત્તિ તા.૩૦/૧૧/૧૫ હોઈ સાતમા પગારપંચનો લાભ મળવાપાત્ર થાય નહીં. તથા તા.૩૦/૦૬/૧૫,ના રોજ ખરેખર નિવૃત્ત થયેલ હોય તે કર્મચારીને તા.૧/૦૭/૧૫,થી ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ આપવામાં આવે છે. જે નિયમોનુંસાર નથી.

2685
10-8-18

Scanned by CamScanner

જેથી આ કચેરી ખાતે પગાર બાંધણી ચકાસણી અર્થે રજુ થતાં કેસોમાં ઉપરોક્ત બાબતની તકેદારી રાખવા પગાર ચકાસણી એકમના તમામ અધિકારીશ્રી/કર્મચારીને જણાવવામાં આવે છે.

સંયુક્ત નિયામક

પ્રતિ,

(૧) હિસાબી અધિકારીશ્રી/કર્મચારીશ્રી, (તમામ) પગાર ચકાસણી એકમ; ગાંધીનગર.

(૨) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગર તરફ આપની તાબાની કચેરીને ઉપરોક્ત બાબતે જરૂરી સૂચના પાઠવવા વિનંતી છે.

(૩) કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ગાંધીનગર તરફ આપની તાબાની કચેરીને ઉપરોક્ત બાબતે જરૂરી સૂચના પાઠવવા વિનંતી છે.

(૪) કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર તરફ આપની તાબાની કચેરીને ઉપરોક્ત બાબતે જરૂરી સૂચના પાઠવવા વિનંતી છે.

(૫) નાયબ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂ.

ક્રમાંક/પ્રા.શ્રા.ઉચ્ચ/પ્રેશા-૩/પરિપત્ર/૨૦૧૪/ 18722-55
કમિશનરશ્રી, શાળાઓની કચેરી
બ્લોક નં.૯, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર, તા.01/09/૨૦૧૪

---

ક્રમાંક/હસબ/સંત્રાતલાભ/18-19 નરી/૫૨/

તા. 10-9-2018

પ્રતિ

આચાર્ય/આચાર્યા શ્રી

આ જિલ્લાની તમામ ગ્રાન્ટેડ/સરકારી શાળાઓ

જિ. અમરેલી

હિસાબી અને તિજોરી નિયામકશ્રીની કચેરી ગાંધીનગરના પરિપત્ર નં. હિતિનિ/PVU/ફા.નં.પ./2018/328 તા. 4/8/2018 દ્વારા આપવામાં આવેલ તમામ સુચનાઓની જાણ તથા જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી

અમરેલી

Scanned by CamScanner